# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-09-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) ગુજરાત વિધાનસભાનું ત્રણ દિવસીય ચોમાસુ સત્ર સંપન્ન- કુલ પાંચ ખરડા સર્વાનુમતે પસાર

2) રાજ્યમાં આયુર્વેદ તથા યુનાની સ્નાતકોએ તબીબી વ્યવસાય કરવા હવે નોંધણી કરાવવી ફરજિયાત

3) રાજ્યની મહિલા શ્રમયોગીઓ હવે રાત્રિપાળીમાં કામ કરી શકશે

4) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વર્ચ્યૂઅલ માધ્યમથી અમદાવાદના સાણંદમાં અંદાજે 80 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું.

5) નેપાળમાં ફસાયેલા ગુજરાતીઓને સલામત રીતે પરત લાવવા સરકાર પ્રયાસરત.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# VIDHANSABHA LAST DAY

15-મી ગુજરાત વિધાનસભાના સાતમા ચોમાસું સત્રનો આજે ત્રીજો અને અંતિમ દિવસ હતો. આજે ગૃહમાં ભારતના નિયંત્રક અને મહાલેખા પરિક્ષક-CAGનો અહેવાલ રજૂ કરાયો. ઉપરાંત આજે ત્રણ ખરડા ગૃહમાં રજૂ કરાયા. ત્રણ દિવસના સત્ર દરમિયાન સભાગૃહમાં મૌખિક જવાબ માટેના કુલ એક હાજર 225 તારાંકિત પ્રશ્નના જવાબો ગૃહમાં રજૂ થયા. તે પૈકી કુલ 29 પ્રશ્ન પર ગૃહમાં મૌખિક ચર્ચા થઈ.

ગૃહમાં આ સત્ર દરમિયાન કુલ પાંચ સરકારી ખરડા પસાર થયા. તેમજ ઑપરેશન સિન્દૂરની સફળતા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અભિનંદન પાઠવવા અંગેના સરકારી પ્રસ્તાવ પણ સર્વાનુમતે પસાર કરાયો.

. . . . . . . . . . . . .

# MEDIAL PRACTITIONERS BILL PASS

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે ધી ગુજરાત મેડીકલ પ્રેક્ટીશનર્સ સુધારા ખરડો સર્વાનુમતે પસાર કરાયો. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ખરડો રજૂ કરતા ગૃહમાં જણાવ્યું, આ કાયદાનો મુખ્ય હેતુ આયુર્વેદિક અને યુનાની વ્યવસાયીઓની નોંધણી માટે વ્યવસ્થા કરવાનો અને રાજ્યનું આયુર્વેદ તથા યુનાની તબીબોનું નોંધણી પત્રક નિભાવવાનો છે.

શ્રી પટેલે કહ્યું હતું કે , રાજ્યમાં આયુર્વેદ તથા યુનાની સ્નાતકોએ તબીબી વ્યવસાય કરવા ગુજરાત મૅડિકલ પ્રેક્ટિશનર્સ એક્ટ , 1963 હેઠળ ગુજરાત બૉર્ડ ઑફ આયુર્વેદિક ઍન્ડ યુનાની સિસ્ટમ્સ ઑફ મેડિસીન ગુજરાત પાસે નોંધણી કરાવવી ફરજિયાત છે. આ કાયદાની કલમ —30 હેઠળ નોંધણી વગર તબીબી વ્યવસાય કરવો ગુનો બનશે.

. . . .

# KARKHANA DHARA VIDHEYAK PASS

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે કારખાના ધારા ગુજરાત સુધારા ખરડો 2025 સર્વાનૂમતે પસાર કરાયો. આ વિધેયક રજૂ કરતા શ્રમ અને રોજગાર મંત્રી બળવંતસિંહ રાજપૂતે કહ્યું , આ સુધારાથી મહિલાઓને રાત્રિપાળીમાં તેમની સંમતિથી કાયદેસર કામ કરવાની તક મળશે. તેમણે મહિલા શ્રમયોગીઓને સમાનતા, વ્યવસાય, સ્વતંત્રતા, આર્થિક ઉપાર્જન કરવાનાં બંધારણીય અધિકારને ધ્યાને રાખી આ ખરડાને મહત્વનો નિર્ણય ગણાવ્યો.

શ્રી રાજપૂતે કહ્યું, નવી જોગવાઈ મુજબ, વિરામ સાથે દરરોજના 12 કલાક , પરંતુ સપ્તાહના માત્ર 48 કલાક જ કામ કરવાની મંજૂરી આપી શકાશે. જે શ્રમિક 12 કલાક લેખે ચાર દિવસ કામ કરે એટલે તેમને પાંચમા અને છઠ્ઠા દિવસે પગાર-સહિત સવેતન રજા આપવાની રહેશે.

(બાઈટઃ બળવંતસિંહ રાજપૂત, શ્રમ અને રોજગાર મંત્રી)

. . . .

# AMIT SHAH SANAND

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વર્ચ્યૂઅલ માધ્યમથી આજે અમદાવાદના સાણંદ વિધાનસભા વિસ્તારમાં અંદાજે ૪0 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે સંબોધન કરતાં તેમણે ખાતરી આપી કે, વર્ષ 2029 સુધી સાણંદ વિધાનસભા વિસ્તારનું કોઈ પણ ગામ પાયાની સુવિધાથી વંચિત નહીં રહે તેવા પ્રકારનું કામ કરાશે. બાવળા અને સાણંદ નગરપાલિકામાં બાકી રહેલી સુવિધા આગામી ચાર વર્ષમાં અપાશે.

(બાઈટઃ અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)

. . . . .

# CABINET MEETING GNR

ગુજરાત વિધાનસભાના ચોમાસા સત્ર પૂર્ણ થતાં વિધાનસભા ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઈ. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં રાજ્યમાં વરસાદ અને અતિવૃષ્ટિ બાદની સ્થિતિ, બનાસકાંઠા, પાટણ અને કચ્છના અતિવૃષ્ટિથી પ્રભાવિત થયેલા તાલુકાઓ તથા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે યોજાનારા કાર્યક્રમની સમીક્ષા કરવામાં આવી. ઉપરાંત અન્ય નીતિવિષયક બાબતો અંગે પણ ચર્ચા અને નિર્ણયો લેવાયા.

. . .

# CLINICAL BILL PASS

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે "ધી ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ નોંધણી અને નિયમન દ્વિતીય સુધારા ખરડો 2025" સર્વાનુમતે પસાર કરાયો. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ગૃહમાં આ ખરડો રજૂ કરતા કહ્યું , આ ખડો પસાર થતા રાજ્યની આરોગ્ય સંસ્થાઓને કામચલાઉ નોંધણી માટેની અરજી કરવાનો સમય સાત મહિના એટલે આગામી 30 એપ્રિલ 2026 સુધી લંબાવાયો છે. અગાઉ 12 સપ્ટેમ્બર 2025 સુધી નોંધણી કરાવવાની હતી. જોકે, અત્યાર સુધીમાં રાજ્યમાં 36 હજારથી વધુ કામચલાઉ નોંધણી પ્રાપ્ત થઈ છે.

નોંધણી વગર ચાલતી ચિકિત્સા સંસ્થાઓને 25 હજાર રૂપિયાથી પાંચ લાખ રૂપિયા સુધીના દંડની પણ જોગવાઈ પણ આ ખરડામાં છે. રાજ્યમાં કઈ હૉસ્પિટલ કયા પ્રકારની સેવા આપી રહી છે. હૉસ્પિટલમાં કે દવાખાનામાં કયા કયા પ્રકારની સુવિધાઓ, સાધન, કઈ સ્પૅશ્યાલિટીના તબીબો છે તેના આંકડાઓની વ્યવસ્થા અને નિયમન કરીને ડિજિટલી નોંધણી પ્રજાલક્ષી નીતિ બનાવવા અને આપત્તિ સમયે કારગત સાબિત થશે તેવો વિશ્વાસ શ્રી પટેલે વ્યક્ત કર્યો.

. . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

...................

# GST REFORMS- EDUCATION

સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લાની પ્રાચીર પરથી , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિવાળી સુધીમાં આગામી પેઢીના GST સુધારાઓની જાહેરાત કરી. 3 સપ્ટેમ્બરના રોજ GST પરિષદે દરોને તર્કસંગત બનાવવા , અનેક ક્ષેત્રોમાં કર દર ઘટાડવા , નાગરિકોના જીવનને સરળ બનાવવા આ સુધારાઓને મંજૂરી આપી. આજે , આપણે જોઈશું કે આ સુધારાઓ શિક્ષણ ક્ષેત્રને કેવી રીતે મદદ કરે છે.

(વોઇસ કાસ્ટ : મયુર સોલંકી)

(કેન્દ્ર સરકારે સ્ટેશનરીની ચીજવસ્તુઓને GST દરોમાંથી મુક્તિ આપીને શિક્ષણ ક્ષેત્ર માટે મોટી રાહતની જાહેરાત કરી છે. નવા સુધારા હેઠળ , પેન્સિલો, સંચા, ક્રેયોન્સ એટ્લે કે ચિત્રકામ માટે વપરાતી મીણની પેન્સિલ , લેખન પુસ્તકો, ગ્રાફ પુસ્તકો , નકશા અને ચાર્ટ જેવી સ્ટેશનરી વસ્તુઓને અગાઉના 12 ટકા GSTમાંથી મુક્તિ આપવામાં આવી છે , જ્યારે રબર પર GST 5 ટકાથી ઘટાડીને શૂન્ય કરવામાં આવશે. એક વિદ્યાર્થીએ શિક્ષણ ક્ષેત્રમાં નવા GST સુધારાઓ રજૂ કરવા બદલ સરકારની પ્રશંસા કરી.)

સૌમ્યા શરનના અહેવાલ સાથે હું મયુર સોલંકી આકાશવાણી અમદાવાદ

. . . . .

# GUJARATI STUCK IN NEPAL

નેપાળમાં વિરોધ પ્રદર્શન વચ્ચે ફસાયેલા ગુજરાતના પ્રવાસીઓને સલામત રીતે પરત લાવવા સરકાર પ્રયાસ કરી રહી છે. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું , રાજ્યનું વહીવટી તંત્ર વિદેશ મંત્રાલય સાથે સતત સંપર્કમાં છે. કોઈ પણ ગુજરાતી પ્રવાસીને મુશ્કેલી ન પડે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

(બાઈટઃ ઋષિકેશ પટેલ, પ્રવક્તા મંત્રી)

. . . . . . . . . . . . . .

# HARSH SANGHAVI GNR

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , ગુજરાત પોલીસની જીવન આસ્થા હેલ્પલાઈન પર ગત 10 વર્ષમાં દોઢ લાખથી વધુ ફોન આવ્યા છે. ગાંધીનગરમાં નગરગૃહ ખાતે વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં આજે શ્રી સંઘવીએ કહ્યું , 'જીવન આસ્થા 'ના 1800 233 3330 નંબરને પણ ઇમરજન્સી નંબર-112 સાથે જોડવાની દિશામાં વિચારણા છે.

(બાઈટ- હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

. . . . . . . . . .

# OKHA DELHI TRAIN

દશેરા, દિવાળી અને છઠ પૂજાના તહેવારોને ધ્યાને લઈ પશ્ચિમ રેલવે ઓખા—શકુર બસ્તી વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રૅન દોડાવશે. ઓખા —શકુર બસ્તી સ્પૅશિયલ ટ્રૅન દર મંગળવારે ઓખાથી સવારે 10 વાગ્યે ઉપડશે. જ્યારે શકુર બસ્તી—ઓખા સ્પેશિયલ ટ્રૅન દર બુધવારે શકુર બસ્તીથી બપોરે સવા એક વાગ્યે ઉપડશે. ટ્રૅન 23 સપ્ટેમ્બરથી 26 નવેમ્બર સુધી દોડનારી આ ટ્રૅન માટેનું બુકિંગ આવતીકાલથી તમામ PRS કાઉન્ટર અને IRCTCની વૅબસાઈટ પરથી શરૂ થશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# CM - ISRAYAL

ઈઝરાયેલના નાણામંત્રી બેઝાલેલ સ્મોટ્રિચ અને પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી. પહેલીવાર ભારતનાં પ્રવાસે આવેલા ઇઝરાયેલના નાણામંત્રી ગુજરાતના પ્રવાસે છે તેમણે ગુજરાત અને ઇઝરાયેલ વચ્ચે વિરાસત, પ્રથા, સંસ્કૃતિ અને ટેકનોલોજીના ક્ષેત્રમાં રહેલી સમાનતા અંગે ચર્ચા કરી.

ઇઝરાયેલના નાણામંત્રીશ્રીએ કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઇઝરાયલના વડાપ્રધાનના સંબંધો અને આતંકવાદ સામેની લડાઈ માટેની બન્નેની પ્રતિબદ્ધતાથી બંને દેશ વધુ નજીક આવ્યા છે. આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિમાં ઇઝરાયેલ પણ મક્કમતાથી આગળ વધ્યું છે

મુખ્યમંત્રીએ જણાવ્યું કે , ઇઝરાયેલે ટપક સિંચાઈ પદ્ધતિમાં મહારથ હાંસલ કરીને ઓછા પાણીએ વિપૂલ ખેતીનો જે સફળ પ્રયોગ કર્યો છે તે અને અન્ય વિકાસલક્ષી પરીયોજનાને ગુજરાતમાં સહયોગ માટે રાજ્ય સરકાર સકારાત્મક અભિગમ ધરાવે છે.

. . . . . . . . . . . . .

# BANASHKANTHA MEETING

બનાસકાંઠા જિલ્લામાં પવન સાથે ભારે વરસાદ નોધાતા જિલ્લા કલેકટર મિહિર પટેલે વરસાદને પગલે થયેલ નુકસાન બાબતે સમગ્ર બાબતોનું નિરીક્ષણ કર્યું હતું તથા સબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. તથા તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા બાબતે લોકોને ખાત્રી આપી હતી.

. . . . . . .

# KHEDA – DEMANGE IN RAIN

ખેડામાં ઉપરવાસમાં ભારે વરસાદ અને બંધમાંથી લાખો ક્યુસેક પાણી છોડાતા નદીના પાણી ગામોમાં આવી ગયા છે. આ પરિસ્થિતિને કારણે ખેડા-ધોળકા રાજ્ય ધોરીમાર્ગ પણ બંધ થઈ જતાં વાહનવ્યવહાર ખોરવાયો છે. રવિવારે જ આશરે 1500 લોકોનું સલામત સ્થળોએ સ્થળાંતર કરાયું. છતાં , અનેક ગામોમાં પાણી ભરાયેલા હોવાથી તેઓ સંપર્કવિહોણા બન્યા છે

ખેતીના પાકોને પણ ભારે નુકસાન થવાનો અંદાજ છે , જેના કારણે ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી હાથ ધરાઈ.

. .

# KUTCH – HEALTH DEPT.

કચ્છ જિલ્લામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોનાં નાગરિકો માટે આરોગ્ય વિભાગ દ્વારા રોગચાળાના અટકાયત માટે કામગીરી શરૂ કરવામાં આવી છે.

વરસાદી મોસમમાં મેલેરીયા , ચિકનગુનીયા, ડેન્ગ્યૂ, ટાઈફોડ, કોલેરા જેવો રોગચાળો ફેલાય નહીં તે માટે દરેક તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની રોગ અટકાયતી ટીમો દ્વારા ગામ તથા શહેરોમાં ઘરો ઘર સરવે , સફાઇ , પાણી નિકાલ, પાણીના ટાંકાનું કલોરીનેશન સહિતની કામગીરી યુદ્ધના ધોરણે આરંભાઇ છે.

. . . . . . .